

રેપો, રીવર્સ રેપો રેટ યથાવત

Page-6

સુવિચાર : મને તો જીંદગી દુઃખમાં વધુ ઝળહળતી લાગે છે, નદીમાં હોય છે પથ્થર તો એ ખળખળતી લાગે છે - શાંતિલાલ ગઢિયા

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૮ | ૮ એપ્રિલ, ૨૦૧૫, બુધવાર ; ચૈત્ર વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# નબળી વેરા વસુલાતે તંત્રની ઉંઘ ઉડાડી દીધી

## જિલ્લામાં નાણાંકીય વર્ષના ૬ મહિનામાં માત્ર ૨૫ ટકા જ વસુલાત : તલાટીઓની ઘટ અને કૃષિમાં નબળું વર્ષ રહેતા પંચાયતોની આર્થિક સંકડામણો વધવા પામી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લામાં મહેસુલી નાણાંકીય વર્ષના ૬ માસના ગાળામાં ૨૫ ટકાથી પણ ઓછી વેરા વસુલાતે જિલ્લા તંત્રની ઉંઘ ઉડાડી દીધી છે.

મળતી વિગતો પ્રમાણે લોકલ ફંડ, શિક્ષણ ઉપકર અને મહેસુલી વેરાની નબળી વસુલાતને કારણે પંચાયતોની સ્થિતિ પર તેની વિપરીત અસરો ઉભી થવા પામી છે. જિલ્લા તંત્રએ ૨૫ ટકાથી ઓછી વસુલાત કરનારા ગામોની યાદી તૈયાર કરી અને આગામી દિવસોમાં વસુલી અભિયાન હાથ ધરવાની કવાયત હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં એક તરફ તલાટીઓની મોટી ઘટ પણ આ માટે જવાબદાર કારણ હોવાનું તંત્ર માની રહ્યું છે. હાલ એક તલાટી પાસે ૩ થી ૪ સેજાનો ચાર્જ છે. જિલ્લામાં ૫૦થી પણ વધુ તલાટીની જગ્યાઓ ખાલી છે તેમજ રિટાયરમેન્ટને લઈ જગ્યાઓ ખાલી પડી રહી છે.

કૃષિ ક્ષેત્રે પ્રમાણમાં નબળું વર્ષ રહેવાને કારણે પણ વેરા વસુલી પર અસર થઈ હોવાનું તંત્રનું માનવું છે.

જો કે એક તરફ ૨૫ ટકાથી પણ ઓછી વસુલાત અત્યંત નબળી કામગીરી કહી શકાય. જિલ્લાના ચારેય તાલુકાઓમાં નબળી વસુલાત થઈ છે. જો કે સૌથી ઓછી વસુલાત કલોલ, દહેગામ અને માણસા અને ગાંધીનગર તાલુકામાં એમ ક્રમમાં આવે છે.

જિલ્લાના તાલુકા વિકાસ અધિકારીઓને પણ આ અંગે કડક તાકિદ કરવામાં આવી છે. નબળી વેરા વસુલીને કારણે પંચાયતોની આર્થિક સંકડામણો વધી રહી છે જેની સીધી અસર પંચાયતોના વિકાસ કામો તેમજ પંચાયતના સ્વભંડોળો પર પડી રહી છે.

જિલ્લામાં નબળી વેરા વસુલાત માટે તંત્રએ હવે ૧લી મેથી કડક અભિયાન શરૂ કરવાનું આયોજન તૈયાર કરવામાં આવી રહ્યાનું મનાઈ રહ્યું છે.

# જિલ્લામાં ૧૩૦૫૦ મહિલાઓને બેંકો ધિરાણ આપશે

## રૂ. ૧૩૧.૬૪ કરોડની ધિરાણ પ્લાનમાં કરાયેલી જોગવાઈ

ગાંધીનગર, તા.૭

જિલ્લાના આર્થિક વિકાસમાં મહિલાઓ ભાગીદાર બની શકે તે માટે આ વર્ષે ૧૩૦૫૦ જેટલી મહિલાઓને રૂ. ૧૩૧.૬૪ કરોડનું ધિરાણ બેંકો દ્વારા કરવામાં આવશે.

રાજયમાં મહિલા સશકિતકરણ અભિયાનને નવી દિશા આપવાનો આ પ્રયાસ છે. નવા ધિરાણ પ્લાનમાં આમ તો કુલ ૧,૩૯,૩૭૩ લાભાર્થીઓને આવરી લેવાનું આયોજન છે.

મહિલા ઉદ્યોગકારોને પ્રોત્સાહન આપવા માટે બેંકો દ્વારા ધિરાણ પરના વ્યાજમાં પણ અર્ધા ટકા સુધીની રાહતો આપવાની યોજનાઓ બેંકો દ્વારા અમલી બનાવવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં હાલ સખી મંડળોના ૩ હજારથી પણ વધુ ખાતાં ચાલી રહ્યા છે. જિલ્લાના અર્થતંત્રમાં મહિલાઓના યોગદાનને વધુ સબળ બનાવવા માટે આ મહત્વની જોગવાઈ કરવામાં આવી છે.

લીડ બેંક સ્કીમ-સર્વિસ એરિયા એપ્રોચ અંતર્ગત જિલ્લા સ્તરીય સલાહકાર સમિતિની વિશેષ બેઠકમાં લીડ બેંક-દેના બેંક દ્વારા વર્ષ ૨૦૧૫-૧માં જિલ્લામાં કુલ ૨૫૪૫.૩૭ કરોડનું ધિરાણ આપવાનો વાર્ષિક પ્લાન રજૂ કરવામાં આવ્યો જેમાં પ્રાથમિકતા ક્ષેત્રે રૂ. ૨૧૯૦.૦૧ કરોડ ધિરાણ આપવાનો લક્ષ્યાંક છે. જેમાં ખેતીવાડી ક્ષેત્રે રૂ. ૧૨૦૯.૮૩

● અનુસંધાન પાન-૭ પર

# વણથંભી વિકાસ યાત્રાથી વિકાસ કાર્યોને વેગવાન બનાવાશે

ગાંધીનગર, તા.૭

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ પૂર્વે રાજયના તમામ તાલુકાઓ અને ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહુર્તના કામો હાથ ધરવા માટેની કાર્ય યોજના રાજય સરકાર દ્વારા ઘડી કાઢવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી ઓકટોબર નવેમ્બર મહીનામાં રાજયની મહાનગર પાલિકાઓ નગરપાલિકાઓ જિલ્લા તાલુકા પંચાયતની ચુંટણીઓ આવી રહી છે.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ આડે હવે માત્ર ગણતરીના મહિનાઓ જ બાકી રહ્યા છે ત્યારે આમ પ્રજા સુધી સીધો સંપર્ક સાધવા માટે રાજયના તમામ વિસ્તારોમાં વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહુર્તો કરવામાં આવનાર છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગઈ કાલે મંત્રીઓની એક બેઠક મળી હતી જેમાં રાજયના તમામ જિલ્લાઓમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં કયા કયા પ્રકારના વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહુર્તના કામો હાથ ધરવાના થાય છે તે અંગેની વિગતો એકત્ર કરીને રાજય સરકારને આપવા માટેની સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ વિગતો એકત્રીત કરવામાં

● અનુસંધાન પાન-૭ પર





ઉનાળાની સિઝન શરૂ થાય એટલે ગૃહિણીઓને સૌપ્રથમ આખા વર્ષના મસાલા ભરવાની ચિંતા થાય. જીરૂ, રાઈ, મરચુ, ધાણાજીરૂ, હળદરથી લઈને તમામ ગરમ મસાલા ભરવાની સિઝન હાલમાં ચાલી રહી છે. મરચુ-મસાલાના વેચાણ કેન્દ્રો અને તેને દળવાના મશીનો ઠેર ઠેર જોવા મળી રહ્યા છે. મસાલાના અસ્થાયી વેચાણ કેન્દ્રો પર ગૃહિણીઓની ભીડ જામી રહી છે. ગૃહિણીઓ ભાવતાલ કરી સારામાં સારા મસાલાની પસંદગી કરી આખુ વર્ષ નિશ્ચિત થવા ઈચ્છી રહી છે. (તસવીર : દિપક જાની)


ક્રિકેટ રસિકોને હાર્દિક આમંત્રણ

ઈન્ફોસિટી પ્રિમિયર લીગ

• ક્રિકેટ ટુર્નામેન્ટ

ગાંધીનગર ખાતે

ઈન્ફોસિટી પ્રિમિયરલીગ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે ટીમ રજિસ્ટ્રેશનની છેલ્લી તારીખ ૨૩ એપ્રિલ, ૨૦૧૫

રજિસ્ટ્રેશન ફકત ૬૪ ટીમ પૂરતી સિમિત - વહેલા તે પહેલા ધોરણે

ક્રિકેટ ટુર્નામેન્ટમાં કોઈપણ કંપની/ સંસ્થા/ વ્યકિતગત ટીમ ભાગ લઈ શકશે.
ખેલાડીઓ માટે ઉમર મર્યાદા ૧૮વર્ષ અથવા વધુ.

-: એવોર્ડ :-

વીનર, રનર અપ, મેન ઓફ ધી ટુર્નામેન્ટ, મેન ઓફ ધી મેચ (દરેક મેચમાં), બેસ્ટ ટુર્નામેન્ટ બોલર તથા બેસ્ટ ટુર્નામેન્ટ બેટસમેન


સ્થળ : ઈન્ફોસીટી કલબ એન્ડ રિસોર્ટ ગ્રાઉન્ડ, ગાંધીનગર
નોંધ : ફુડ બેવરેજિસ / રિફ્રેશમેન્ટ વ્યવસ્થા ઉપલબ્ધ*
રજિસ્ટ્રેશન ફી, ડ્રેસકોડ, ટુર્નામેન્ટસના નિયમો તથા ઈત્તર માહિતી માટે
સંપર્ક કરો : મો. ૦૯૯૭૯૯ ૨૨૪૪૩ / ૦૮૫૧૧૧ ૦૫૧૩૨

ઈ-મેઈલ : rshinde@theinfocity.net
sagar@theinfocity.net

(*ટુર્નામેન્ટ ઈવેન્ટ શરતોને આધિન)


# જાહેર નોટીસ

આથી અમો શ્રી પી. એચ. ગોહિલ, એડવોકેટ તે અમારા અસીલો (૧) શ્રી રાજેન્દ્રસિંહ નટવરસિંહ રાજપુત, રહે. સરથાણા, તા. કામરેજ, જિ. સૂરત તેમજ (૨) શ્રી કરણસિંહ શીવાજી રાજપુત, રહે. ગાંધીનગરનાઓની રૂબરૂ સૂચના તથા ફરમાઈસથી જાહેર જનતાને જણાવીએ છીએ કે, તાલુકો જિલ્લો ગાંધીનગર મોજે પેથાપુરની જમીનના સર્વે નં. ૨૫૮ પૈકીના ખાતા નં. ૧૬૩૦ ની જમીન હે.આ.ચો.મી. ૦.૬૧.૭૧ તેમજ સર્વે નં. ૧૦૧૨ ની જમીન ૦.૬૩.૭૪ ના ક્ષેત્રફળવાળી જમીન બાબતે અમારા અસીલોને અમદાવાદના રહીશ





હિતેશભાઈ ભીખુભાઈ મકવાણા અને કિરણસિંહ કનુસિંહ વાઘેલા, રહે. અમદાવાદવાળાઓએ પેથાપુર મુકામેની જમીન વેચાણ આપવા બાબતે મીડીયેટર/બાનાખત હોલ્ડર તરીકે પરિચય કરાવીને હિતેશ મકવાણાએ સદરહુ જમીનોનું તા. ૪૮૨૦૧૪ના રોજ બાનાખત કરેલું હોઈ અને શ્રી કિરણસિંહનાઓએ પણ બાનાખત કરેલું હોવાનું વિશ્વાસ આપી અને હિતેશ મકવાણાએ કરાવેલ બાનાખત નોટરી શ્રી વિષ્ણુ પટેલ રૂબરૂ કરાવેલું હોઈ, અને આ જમીન તેઓના મારફતે વેચાણ કરવા માંગતા હોય અને વેચાણ લેનાર પાર્ટી તૈયાર થાય તો તેમનો બાનાખતનો હકક જતો કરી દસ્તાવેજ કરી અપાવવાના ભરોસો અને વિશ્વાસ આપતા અમારા અસીલોને તા. ૧૪-૧૧-૨૦૧૪ના રોજ પેથાપુરના રહીશ બળદેવજી જવાનજી ડાભી કે જેમના ફોટોગ્રાફ આ નોટીસની માર્જીનમાં છાપેલ છે તેમણે પેથાપુરની તેમની સદરહુ જમીનના માલિક તરીકે પરિચય કરાવી સદરહુ ફોટાવાળી વ્યકિત તેમની પેથાપુરની ઉપરોકત જમીનનો વેચાણ આપવા સંમતિ દર્શાવતા ફોટાવાળી વ્યકિત કે જે બળદેવજી જવાનજી ડાભી તરીકે તેમના ચૂંટણીકાર્ડના ઓળખ પુરાવા સાથે બનાખત અને ત્યારબાદ દસ્તાવેજ નોંધાવવા આવેલા કે જેઓ અમારા અસીલો પાસેથી નાણાં સ્વીકારે છે તે બન્ને ઉપરોકત ફોટોવાળી એકજ વ્યકિતએ અમારા અસીલોને તા. ૫-૨-૨૦૧૫ના રોજ સબ રજીસ્ટ્રાર કચેરી, ગાંધીનગરમાં સર્વે નં. ૧૦૧૨ અને સર્વે નં. ૨૫૮ ના અગાઉ કરેલા બાનાખતના રદીકરણ દસ્તાવેજો નોંધાવી આપેલા અને ત્યારબાદ તે જ દિવસે બન્ને સર્વે નંબરોના અલગ અલગ વેચાણ દસ્તાવેજો અમારા અસીલોના નામે નોંધાવી આપેલા છે. જેમાં સર્વે નં. ૨૫૮ના દસ્તાવેજમાં અમારા અસીલના સાથે તેમના ભાગીદાર બોરડ સતીષભાઈ છે અને સર્વે નં. ૧૦૧૨ ના વેચાણ દસ્તાવેજમાં ૫ ટકાના હિસ્સેદાર તરીકે કિરણસિંહ કનુસિંહ વાઘેલા છે. આ દસ્તાવેજોની નોંધણી થયા બાદ રેવન્યુ રેકર્ડમાં તેની કાચી નોંધો થયા બાદ પેથાપુરના રહીશ બળદેવજી જવાનજીએ વાંધા તકરાર લીધેલ છે. ઉપરાંત એલ.સી.બી. ગાંધીનગરમાં અરજી કરેલી છે. અને જેના કારણે અમારા અસીલો કે જેઓ આ જમીનોના શુધ્ધ બુધ્ધિના ખરીદદાર છે. તેઓને છેતરવામાં આવેલા છે. અને દલાલો તથા કહેવાતા (ફોટાવાળી વ્યકિત) બળદેવજીએ અમારા અસીલો સાથે વિશ્વાસઘાત અને ઠગાઈ કરી હોવાનું અમારા અસીલો માની રહયા છે. તેથી આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જણાવીએ છીએ કે, જો આ નોટીસમાં દર્શાવેલ સખ્સ (ફોટાવાળી વ્યકિત) (બળદેવજી જવાનજી ડાભી) ન હોય તો આ ફોટાવાળા સખ્સ કોણ છે તેની સંપૂર્ણ માહિતી નીચેના મોબાઈલ નંબર ઉપર આપનારને યોગ્ય રકમનો બદલો/ઈનામ/વળતર આપવામાં આવશે. અને અમારા અસીલો જો ખરેખર એલ.સી.બી.માં અરજી કરનાર અને વાંધા, તકરાર લેનાર બળદેવજી ડાભી આ ફોટાવાળી વ્યકિત સિવાયની અન્ય કોઈ હોય તો અમો તેમને જાહેરમાં જણાવીએ છીએ કે, તેમણે તેમના ઓળખના પુરાવા સહિત અમોને લેખિતમાં જાણ કરવી.

જો આ પબ્લીક નોટીસ પ્રસિધ્ધ થયા બાદ ફોટાવાળી વ્યકિત કે જેઓ પેથાપુરના બળદેવજી જવાનજી ડાભી છે અને જેમને હિતેશ ભીખુભાઈ મકવાણા દસ્તાવેજ માટે લાવેલા અને તેની ઓળખ પણ હિતેશ ભીખુભાઈએ આપેલી તે વ્યકિતએ અમારો સંપર્ક કરી અને તેણે રજુ કરેલા ચૂંટણી કાર્ડના પુરાવા ખરા છે તે અંગેનો અમોને ભરોસો કરાવવો. અને તેમ કરવામાં કસુર થયેથી અમારા અસીલો ઉપરોકત વેચાણ દસ્તાવેજોમાં અમારા અસીલોની કુલ રૂપિયા એક કરોડ અઢાર લાખ એંસી હજાર વત્તા એક કરોડ બાવીસ લાખ સીત્તેર હજારની છેતરપીંડી અને ઠગાઈ કરી ગુન્હાહિત વિશ્વાસઘાત કરી ખરા માલિકને બદલે ખોટી વ્યકિત હોવા છતાં ખોટા ઓળખકાર્ડને આધારે, દલાલોની ખોટી ઓળખાણથી અમારા સાથે જે છેતરપીંડી કરી છે તે બદલ અમારા અસીલો લાગતા વળગતા તમામની સામે કાર્યવાહી કરવા અમારા અસીલોને ફરજ પડશે તેની આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવે છે. તેમ છતા આજની તારીખે હિતેશભાઈ ભીખુભાઈ મકવાણા અમારા અસીલો ને જણાવે છે કે દશ દિવસ મા તેઓ નોધો પણ ફાઈનલ કરાવી આશે અને તેઓ એ ખરા ખેડુત ને જ લાવેલા છે. અને તમામ વાધાઓ નો તેઓ નિકાલ કરાવી આપશે. પરતુ અમારા અસીલો ને આ બાબતે સશય ઉત્પન્ન થયેલ હોય આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવવા ફરજ પડી છે.

તા. ૭-૪-૨૦૧૫
સ્થળ: ગાંધીનગર

(પી. એચ. ગોહિલ)
એડવોકેટ
ઓફીસ: બી-૩, સરદાર પટેલ સહકાર ભવન,
બીજો માળ, ગાંધીનગર જિલ્લા સહકારી સંઘની ઉપર,
સીવીલ હોસપિટલ કંપાઉન્ડ, પથિકાની સામે, સેકટર૧૨, ગાંધીનગર
મોબાઈલ : ૯૯૨૪૩૭૭૯૯૯



૧ થી ૩૦ સેક્ટર માટે
LED TV, LCD TV, Colour TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬



તાત્કાલિક શિક્ષકો જોઈએ છે
આકર્ષક પગાર- ૨૦૧૫-૧૬

માધ્યમિક વિભાગ : B.Sc., B.Ed. (૨)
B.A. B.Ed., (ENG, સમાજ, હિન્દી)
પ્રાથમિક વિભાગ : P.T.C. (૪)
SUPER KIDS Pre-School : • ENGLISH Medium (૩)
• ગુજરાતી મીડીયમ (૩)

ઉમેદવારે તા. ૧૨/૪/૧૫, સવારે ૯ થી ૧૧ દરમિયાન સ્વખર્ચે અરજી સાથે ઉપસ્થિત રહેવું



સ્વામી વિવેકાનંદ પબ્લીક સ્કૂલ
બ્લોક નં. ૪૩/૧, જ-ટાઈપ, સેક્ટર-૨૪
મો. : ૯૪૦૯૨ ૮૫૬૯૨